GJKT180000112026

| | | |
|---|---|---|
| દાખલ તારીખ | : | ૦૫/૦૧/૨૦૨૬ |
| નિકાલ તારીખ | : | ૧૫ /૦૪/૨૦૨૬ |
| સમયગાળો | : | વર્ષ ૦૦ / માસ ૦૩ / દિવસ ૧૦ |

---

**કચ્છના મહે પાંચમા અધિક ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,**
**મું. ભચાઉ–કચ્છ.**

---

**દિવાની પરચૂરણ અરજી નંબર–૦૨/૨૦૨૬**
**આંક :–**

| | | | |
|---|---|---|---|
| **અરજદાર** | : | | પામિબેન બાબુભાઈ રાજપુત(ખોડ)<br>ઉ.વ.૭૨,<br>રહે–ચિત્રોડ, તા. રાપર–કચ્છ. |
| **વિરૂધ્ધ.** | | | |
| **સામાવાળા** | : | | કોઈ નહી... |

---

| | | |
|---|---|---|
| અરજદાર તરફે વિ.વ.શ્રી | : | વી.ડી.કોટક |
| સામાવાળા તરફે | : | કોઈ નહી... |

---

| | | |
|---|---|---|
| **બાબત** | : | ધી ગાર્ડીયન્સ એન્ડ વોર્ડસ એકટ ૧૮૯૦ની કલમ–૭ વાંચતા કલમ–૧૦ હેઠળ સગીરના વાલી તરીકે નીમી, સગીરના નામની મિલકતના ભાડા કરાર માં થયેલ રકમનો વ્યવહાર કરવા અરજી. |

---

**–: ચુકાદો :–**

(૧) આ કામનાં અરજદારે ગાર્ડીયન એન્ડ વોર્ડઝ એકટની જોગવાઈઓ મુજબ હાલની આ અરજી સગીરની મિલ્કતના વાલી તથા ઈષ્ટમિત્ર જાહેર કરવા

તેમજ સગીરની મિલકતના કરેલ ભાડા કરારથી ઉપજેલ ભાડાની રકમનો વ્યવહાર કરવા માટે પરવાનગી મેળવવા આપેલ છે. આ અરજીની જાહેર નોટીસ દૈનિક વર્તમાનપત્રકમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ છે તેમજ અન્ય તમામ રીતે પણ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. અરજ સંદર્ભે કોઈ સામાવાળા હાજર થયેલ નથી કે કોઇ વાંધા રજુ થયેલા નથી. ત્યારબાદ આ કામનાં અરજદારે આંક-૬ થી સોગંદ પર જુબાનીનું સોગંદનામું રજુ કરેલ છે અને દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે. ત્યારબાદ અરજદારના વિધ્વાન વકીલશ્રીની રજુઆતો સાંભળી.

(૨) અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, અરજદારના પતિ બાબુભાઈ ભુરાભાઈ ખોડ(રાજપુત) તા. ૧૪/૧૧/૨૦૧૯ ના રોજ અવસાન પામેલ છે. તેમના સાથેના લગ્ન જીવનથી અરજદારને સંતાનમાં બે પુત્રી નામે યશવી અને કુંજલ છે. અરજદારના તથા સગીરોના સંયુકત નામે કચ્છ જીલ્લાના રાપર તાલુકાના ચિત્રોડની સીમમાં રેવેન્યુ સર્વે નં ૨૯૫/પૈકી૧, જેનુ ક્ષેત્રફળ ૧-૧૧-૨૯ ખાતા નં. ૧૦૭૮ વાળી આવેલ હતી. અરજદારે પોતાની અરજીમાં વિશેષમાં જણાવેલ છે કે, સદરહુ મિલકત મોજે ચિત્રોડ તા.રાપરના ખાતા નં ૧૩ થી ભુરા કરશન ખોડના નામે આવેલી. ભુરા કરશન ખોડનુ અવસાન થતા તેઓના સીધી લીટીના વારસદાર દલીબેન ભુરા કરશન ખોડ, ગણેશા ભુરા ખોડ, નરશી ભુરા ખોડ, લખમણ ભુરા ખોડના નામે આવેલ જે પૈકી ગણેશા ભુરા ખોડ, લખમણ ભુરા ખોડએ તમામ હકક દલીબેન ભુરા કરશન ખોડ તરફે કરેલો. જે નોંધ નંબર ૧૮૨૯ ની પ્રમાણિત નકલ આ સાથે માર્ક-૭ થી રજુ છે. ત્યારબાર સદરહુ મિલકત દલીબેન ભુરા કરશન ખોડએ પોતાની હયાતીમાં ભાઈઓ ભાગે વહેંચણી કરતા વહેંચણીની નોંધ નંબર ૩૦૦૬ થી બાબુભાઈ ભુરાભાઈ ખોડ (રાજપુત) ના ખાતે દાખલ થયેલ. જે નોંધ નંબર ૩૦૦૬ ની પ્રમાણિત નકલ આ સાથે માર્ક-૮ થી રજુ છે.

ત્યારબાદ બાબુભાઈ ભુરાભાઈ ખોડ (રાજપુત) નું અવસાન થતાં સદરહુ મિલકત પામિબેન બાબુભાઈ રાજપુત (ખોડ), યશવીબેન બાબુભાઈ રાજપુત (ખોડ),કુંજલબેન બાબુભાઈ રાજપુત (ખોડ) વિ.૩ ના સંયુક્ત ખાતે વારસાઈ નોંધ નંબર ૩૨૬૫ થી દાખલ થયેલ. જે નોંધ નંબર ૩૨૬૫ ની પ્રમાણિત નકલ આ સાથે માર્ક–૯ થી રજુ છે. આમ, સદરહુ ખેતર નોંધ નંબર ૩૨૬૫થી થી પામિબેન બાબુભાઈ રાજપુત (ખોડ) વિ. ૩ ના ખાતે દાખલ થયેલ. જે પૈકી કુંજલબેન બાબુભાઈ રાજપુત (ખોડ) સગીર હોતા તેમના વાલી તરીકે અમો અરજદાર છીએ. વધુમાં અરજદાર જણાવે છે કે, અરજદાર એક સ્ત્રી છીએ અને અરજદારના પતિ અવસાન પામેલ હોઈ બંન્ને સંતાનોની તમામ પ્રકારની જવાબદારી અરજદારના શીરે છે, તેમના ભરણપોષણ, શિક્ષણ, તથા સાર–સંભાળની જવાબદારી અમો અરજદારના શીરે છે. અરજદાર વધુમાં જણાવે છે કે, અરજદાર હાલે કોઈ કામધંધો કરતા નથી કે અરજદારને કોઈ આવકનું સાધન નથી અરદારના બંન્ને સંતાનો અભ્યાસ કરે છે અને તેઓની જરૂરિયાત પુરી કરવા અને સામાજીક જવાબદારી નિભાવવા માટે તથા બંન્ને સંતાનોના ભવિષ્ય અને વેલ્ફેર માટે સદરહુ મિલકત અરજદારે ગનેકો સોલાર પ્રાઈવેટ લિમિટેડને સોલાર ઊર્જાના પ્રોજેકટના ઉત્પાદન માટે ૨૯ વર્ષ ૧૧ મહિના માટે ભાડા કરારથી આપીને અમો આ મિલ્કતથી બન્ને પુત્રીનુ ભરણપોષણ, શિક્ષણ, માટે સદર મિલકત ગનેકો સોલાર પ્રાઈવેટ લિમિટેડને સોલાર ઊર્જાના પ્રોજેકટના ઉત્પાદન માટે ભાડા કરાર માટે આપેલ. જે ભાડા કરારની પ્રમાણિત નકલ આ સાથે માર્ક–૧૦ થી રજુ છે. આ મિલકત ભાડા કરારા થયા બાદ ભાડા કરારમાં નકકી થયેલ રકમ આપવા સમય કુંજલબેન બાબુભાઈ રાજપુત(ખોડ) સગીર હોતા આ રકમનું વ્યવહાર થયેલ નહિ. સદર મિલકતમાં સગીરનો હક્ક હોય તે મિલકત ના.કોર્ટની પરવાનગી વગર સગીરની રકમ તેના વાલીને મળવાપાત્ર થઈ શકે નહીં. અમો આ મિલકતનું વ્યવસ્થિત વહીવટ કરી શકીએ તેમ નથી અને જો અમો આ મિકલતનું ભાડા કરારથી ભાડે નહી આપીયે તો અમારા સંતાનોનો યોગ્ય

ઉછેર તથા અભ્યાસ અટકી જશે અને જેના લીધે તેમનું ભાવિ જોખમમાં મુકાઈ જશે તેવી અમોને દહેશત છે. વધુમાં, અરજદાર જણાવે છે કે, ઉપરોકત મિકલત ભાડા કરારથી ભાડે માટે આવ્યાબાદ જે કંઈપણ રકમ અરજદારને પ્રાપ્ત થશે તે રકમ અરજદાર તેઓના સંતાનોના અભ્યાસ તથા ઉછેરમાં ઉપયોગ કરશું. વધુમાં, જે મિલકતમાં સગીરનો હક્ક હોય તે મિલકત ના.કોર્ટની પરવાનગી વગર ભાડા કરારની રકમ તેના વાલીને મળી થઈ શકે નહીં. જેથી અમો અરજદારના એક સંતાન સગીર હોઈ અને અમો અરજદાર અમારા સંતાનોના અભ્યાસ તથા યોગ્ય ઉછેર માટે સદરહું મિલકત ભાડા કરારથી આપવા માંગતા હોઈ હાલની અરજી કરેલ છે.

(૩) અરજદારે અરજીના સમર્થનમાં નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

| અ.ન. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | અરજદારના આધારકાર્ડની ખરી નકલ | ૧૦ |
| ૨ | અરજદારના પુત્રીના આધારકાર્ડની ખરી નકલ | ૧૧ |
| ૩ | અરજદારના પુત્રીના આધારકાર્ડની ખરી નકલ | ૧૨ |
| ૪ | અરજદારના પતિના મરણના દાખલાની ખરી નકલ | ૧૩ |
| ૫ | ગામના નમુના નં. ૭ ની પ્રમાણિત નકલ | ૧૪ |
| ૬ | ગામના નમુના નં.૮–અ ની પ્રમાણિત નકલ | ૧૫ |
| ૭ | નોંધ નંબર ૧૮૨૦ ની પ્રમાણિત નકલ | ૧૬ |
| ૮ | નોંધ નંબર ૩૦૦૬ ની પ્રમાણિત નકલ | ૧૭ |
| ૯ | નોંધ નંબર ૩૨૬૫ ની પ્રમાણિત નકલ | ૧૮ |
| ૧૦ | ભાડા કરારની પ્રમાણિત નકલ | ૧૯ |
| ૧૧ | તા. ૧૮/૦૧/૨૦૨૬ ના જાહેર અખબારની નકલ | ૦૯ |

(૪) અરજદારે આંક–૬ થી સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે. જે સોગંદનામા તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવા વંચાણે લીધા. અરજદારનાં વિધ્વાન વકીલશ્રીની મૌખીક રજુઆતો ધ્યાનમાં લીધી. અરજદારના પતિ ગુજરી જતાં સગીરોના શિક્ષણ તથા વેલ્ફેર માટે અરજીમાં જણાવેલ મિલકતમાં સગીરોનો હિસ્સો સમાયેલ હોય, જેથી મિલકત આંક–૧૯ રજીસ્ટર્ડ ભાડા કરાર મુજબ ગનેકો સોલાર પ્રા.લી. કંપનીને ભાડે આપેલ છે જે ભાડાની રકમનો વહીવટ કરવા માટે સગીરની કુદરતી માતાએ જ આ હાલની અરજ કરેલ છે. અરજીની જાહેર નોટીસ આપવા છતાં આ અરજી સામે કોઈ વાંધો રજુ થયેલ નથી. અરજી સામે કોઈ પક્ષકાર વિરોધ કરવા આવેલ નથી. અરજદાર દ્બારા સગીરના હિત માટે આ મિલકતની ઉપજના વ્યવહાર માટે કરવાની પરવાનગી માંગવામાં આવે છે.ગાર્ડીયન એન્ડ વોર્ડસ એકટ ની જોગવાઈ મુજબ સગીરનુ હિત સાચવવા અદાલત યોગ્ય જણાય તે શરત મુકી શકે છે. તેથી સદરહું મિલકતની ઉપજનો યોગ્ય ઉપયોગ થાય તેવો હુકમ પણ સગીરના હીત માટે કરવાનું વ્યાજબી અને ન્યાયિક જણાય છે. અરજીમાં જે કારણો જણાવેલ છે તે કારણો જોતાં, યોગ્ય શરતોએ અરજી મંજુર કરવાનું વ્યાજબી અને ઉચિત જણાતું હોય, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

(૧) ધી ગાડીયન એન્ડ વોર્ડસ એક્ટની કલમ–૮(૨) મુજબ આ કામના અરજદાર પામીબેન બાબુભાઈ રાજપુત(ખોડ) કે જે સગીર યશવીબેન બાબુભાઈ રાજપુત(ખોડ) તથા કુંજલબેન બાબુભાઈ રાજપુત(ખોડ)ના કુદરતી વાલી છે, તેમની અરજી મંજુર કરવામાં આવે છે.

(૨) કચ્છ જીલ્લાના રાપર તાલુકાના ચિત્રોડ ની સીમમાં આવેલ રેવેન્યુ સર્વે નં ૨૯૫/પૈકી૧, જેનુ ક્ષેત્રફળ ૧–૧૧–૨૯ વાળી મિલ્કતમાં રહેલ સગીરના હિસ્સાવાળી મિલકતને આંક–૧૯ મુજબ ભાડે આપેલ છે તે પૈકી સગીરોની ભાડાની આવકનો વહીવટ વ્યવસ્થા અરજદાર કરી શકશે તેવી પરવાનગી આપવામાં આવે છે. વિશેષમાં તેવી સ્પષ્ટતા કરવામાં આવે છે કે સદર પરવાનગી ફકત સદર મિલકતમાં રહેલ સગીરોના હિસ્સાની ભાડાની આવકના વહીવટ વ્યવસ્થા માટે જ આપવામાં આવેલ છે. તે સિવાય સદર મિલકત બાબતે કે સગીરોની અન્ય કોઈ મિલકત બાબતે કે સગીરોના હિત વિરૂદ્ધની કાર્યવાહી માટે પરવાનગી આપવામાં આવેલ નથી.

<u>**શરતોઃ=**</u>

(૧) આ હુકમથી ઉપરોક્ત જણાવેલ સ્થાવર મિલકતમાં સગીરોના હિસ્સાન કાયદેસરતા અંગે કે મિલકતના ટાઇટલ અંગે કોઈ અભિપ્રાય આપવામાં આવતો નથી.

( ૨ ) આ હુકમથી કરવા પડતાં જરૂરી લેખોમાંથી કે ભરવી પડતી સ્ટેમ્પ ડ્યુટીમાંથી મેળવવી પડતી કાયદા મુજબની પરવાનગીમાંથી મુક્તિ મળી જતી નથી.

( ૩ ) અરજદારે ઉપરોક્ત શરતોનું પાલન કરવા અંગે નિયત નમુનામાં બોન્ડ રજુ કર્યેથી અરજદારના નામનું ગાર્ડીયનશીપ સર્ટીફીકેટ આપવું.

( ૪ ) ગાર્ડીયન અને વોર્ડસ એકટનું સર્ટીફીકેટ નિયમ મુજબ અરજદારના નામનું ઈસ્યુ કરવુ.

- આ હુકમ આજરોજ તા– ૧૫મી, માહે– એપ્રીલ , સને– ૨૦૨૬ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરીને જાહેર કરવામાં આવ્યો.

| | |
|---|---|
| તારીખ– ૧૫ /૦૪/૨૦૨૬<br>સ્થળ–ભચાઉ.<br><br>J.H.GOHIL | (ભરત લાલચંદ ચોઈથાણી)<br>પાંચમા અધિક સેશન્સ જજ<br>કચ્છ એટ ભચાઉ<br>(કોડ નં.જીજે ૦૦૬૯૦) |